Ref: GTU/ACAD/Offline_Commencement/2021/Ad01 Date: 8th Jan 2021

**Circular regarding Re-opening of the institutes post lockdown due to Covid – 19 pandemic**

Ref: 1. Circular of Education Department No: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ dated તા.07/01/2021
2. UGC guidelines D.O. 14-8/2020 (CPP-II) dated 5th November 2020

In line with the guidelines issued by Education Department, Government of Gujarat and UGC vide above references, all the Principals/ Directors of affiliated institutes and University PG Schools are hereby informed to strictly follow the Guidelines regarding reopening of the colleges post lockdown for their teaching and non-teaching staff and students as per below:

1. The offline (Physical) teaching classes for students of all the institutes will commence from 11-01-2021. **It will be voluntary for the students to attend the offline classes. The institute has to take consent letter of the students/their parents who wants to attend the offline classes**. The institute has to make the arrangement of online classes for the students who are not attending offline classes. The institutes are required to welcome the students who are coming on the first day and to encourage them, institutes are required to provide "Welcome-Kit". This welcome-kit can include products to fight corona such as Mask, Sanitizer, etc.
2. It is mandatory for all the stakeholders to follow the UGC guidelines dated 5th November 2020. (UGC Guidelines attached herewith).
3. In the first phase all the students of PG, PhD, M.Phil and final year students of Degree and Diploma can attend the college in offline mode. For remaining students, online teaching will be continued.
4. The class size is to be arrange depending on the number of students and the requirement of the subject so that the social distancing between two students can be maintained as per the UGC Guidelines and if institute wants to call the students batch wise separately then two classes of 50%-50% of students or three classes of 1/3, 1/3, 1/3 can be arranged. The students of one batch have to call for continuous 3 days and next batch for next 3 days. Moreover, the decision regarding arrangement of classes based on course/subject will be made by Principals/ Head of the Institute.
5. If hostel facility is provided, then presently only one student per room to be allocated in the hostel. The guidelines of the hostel given by UGC must be followed.
6. Face masks is mandatory and adequate arrangements of Hand washing, thermal scanners, sanitizers, should be made available in sufficient quantity. The institutions must ensure appropriate sanitization and disinfection process for classrooms/ Hostels time to time and during the monitoring, **if any**

**stakeholders found COVID 19 positive or having any symptoms of COVID 19 should not be allowed to enter in the campus. UGC Guidelines must be strictly followed by every institute.**

As per UGC guidelines the following public health measures are to be followed to reduce the risk of COVID-19 by all (faculty members, employees, students and visitors) in these places at all times:

1. Physical distancing of at least 6 feet to be followed as far as feasible
2. Use of face covers/masks to be made mandatory
3. Frequent hand washing with soap (for at least 40-60 seconds) even when hands are not visibly dirty. Use of alcohol-based hand sanitizers (for at least 20 seconds) can be done wherever feasible
4. Respiratory etiquettes to be strictly followed. This involves strict practice of covering one's mouth and nose while coughing/sneezing with a tissue/handkerchief/flexed elbow and disposing of used tissues properly
5. Self-monitoring of health by all and reporting any illness at the earliest
6. Spitting shall be strictly prohibited
7. Installation & use of Aarogya Setu App shall be advised wherever feasible

The courses related to COVID 19 Health education freely available on i-GOT platform prepared by DOPT, Government of India, can be studied by the students and faculty members.

All the above guidelines must be followed by the institute authorities as per the local conditions in the interest of the students.

All the affiliated institutes are hereby informed to convey this circular to its all students, faculties and staff members.

08/01/21

**Registrar**

To,

1. The Director, Directorate of Technical Education, Government of Gujarat for information
2. The Principal, all affiliated Institutions of University
3. The Director, GTU PG School

કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને
કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ
લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો
રી-ઓપન કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.

તા:૦૭/૦૧/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) UGCના તા:૦૫/૧૧/૨૦૨૦ના પત્રાંકઃ D.O.૧૪-૮/૨૦૨૦/(CPP-II)થી બહાર પાડેલ માર્ગદર્શિકા

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૩/૧૧/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૧/૨૦૨૦ના સમાનાંકી ઠરાવ.

આમુખ:

રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને લીધે ઉદભવેલ પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ/કોલેજો માટે વખતો વખત માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

વંચાણે લીધેલ ક્રમ (૧)માં દર્શિત પત્રથી UGC દ્વારા પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજોને રી-ઓપન કરવા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ (૨)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજો તા.૨૩/૧૧/૨૦૨૦થી પુનઃ શરૂ કરવા ઠરાવેલ. પરંતુ જે –તે સમયે કોરોના મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી વંચાણે લીધેલ ક્રમ (૩)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજો તા.૨૩/૧૧/૨૦૨૦થી પુનઃ શરૂ કરવાનો નિર્ણય સ્થગિત રાખવામાં આવેલ હતો.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આથી સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીઓ/કોલેજોને તા:૧૧/૦૧/૨૦૨૧થી રી-ઓપન કરવાનું ઠરાવવામાં આવે છે.

યુનિવર્સિટીઓ/કોલેજોના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) તા. ૧૧-૦૧-૨૦૨૧થી તમામ કોલેજો તથા યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફ લાઇન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈછિક રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થાએ વિદ્યાર્થી/વાલી પાસેથી સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાય તેઓ માટે ઓન-લાઇન અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે તથા પ્રથમ દિવસે વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓનું સંસ્થા દ્વારા સ્વાગત કરવાનું રહેશે તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે સંસ્થા/કોલેજ તરફથી " Welcome – kit " આપવાની રહેશે. આ " Welcome – kit " માં કોરોના સામે રક્ષણ આપનાર માસ્ક, સેનેટાઇઝર વગેરે વસ્તુઓ રહેશે.

(૨) આ તમામ કાર્યવાહી યુ.જી.સી.ની તા.૦૫-૧૧-૨૦૨૦ની ગાઈડલાઈનને અનુસરીને ચાલુ કરવામાં આવશે.

(૩) પ્રથમ તબક્કામાં તમામ પી.જી., પીએચ.ડી., એમ.ફિલ., વગેરે અભ્યાસક્રમો, મેડીકલ/પેરામેડીકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમ (ટેકનિકલ તથા નોન ટેકનિકલ તમામ)ના ફક્ત ફાઈનલ ઈયર(આખરી વર્ષ)ના તમામ વિદ્યાર્થીઓને ભૌતિક રીતે શિક્ષણ આપવામાં આવશે. અન્ય વર્ગોમાં ઓન-લાઇન અભ્યાસ ચાલું રહેશે.

(૪) વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરૂરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને તે પ્રમાણે વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે જેથી બે વિદ્યાર્થીઓ વચ્ચે યુ.જી.સી.ની માર્ગદર્શિકા પ્રમાણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે ૫૦% - ૫૦% ના બે વર્ગ અથવા તો ૧/૩, ૧/૩, ૧/૩ના ત્રણ વર્ગો ગોઠવી શકાય. જો સમયાંતરે વિદ્યાર્થીઓને બોલાવવાના થાય તો જે વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે તેઓને સતત ત્રણ દિવસ માટે બોલાવવામાં આવશે. ત્યારબાદ બાકીના દિવસોએ બીજા સમુહના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. વધુમાં, ક્યા વિષય/અભ્યાસક્રમ માટે ક્યા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે કુલપતિશ્રી/પ્રિન્સિપાલ સક્ષમ રહેશે.

(૫) હોસ્ટેલ સુવિધા જો આપવામાં આવે તો હાલ એક રૂમમાં એક જ વિદ્યાર્થી રહી શકશે. હોસ્ટેલ માટેની માર્ગદર્શિકાનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે.

(૬) ફેસ માસ્ક ફરજિયાત રહેશે તથા હેન્ડ વોશિંગ, સેનિટાઈઝેશન પોઈન્ટ્સ પુરતી સંખ્યામાં રાખવાના રહેશે. વર્ગ ખંડો/છાત્રાલયોનું સમયાંતરે સેનિટાઈઝેશન કરવામાં આવશે અને સતત મોનિટરીંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક કેમ્પસમાં ના પ્રવેશે તેની કાળજી જે તે યુનિવર્સિટી/કોલેજના સંબંધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે તેમજ આ અંગેની બહાર પાડવામા આવેલ યુ.જી.સી.ની ગાઈડલાઈનનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ ગાઈડલાઈન શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ તથા સરકારી તેમજ ખાનગી કોલેજોને લાગુ થશે.

વધુમાં, i-GOT પ્લેટફોર્મ પરના આરોગ્ય શિક્ષણના COVID-19 અંગેના અભ્યાસક્રમો કે જે ભારત સરકારશ્રીના DOPTએ તૈયાર કરેલ છે અને નિ:શુલ્ક છે, તે પણ કરવા ફેકલ્ટી મેમ્બર્સને અને વિદ્યાર્થીઓને સુચન કરવામાં આવે છે.

ઉપર્યુક્ત તમામ માર્ગદર્શક સુચનાઓનું પાલન જે - તે સંસ્થાના વડા દ્વારા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ વિદ્યાર્થીઓના હિતમાં સ્વવિવેક અનુસાર કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઈલ